સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૬૧

'નિર્ભયા' ભયે રાતોરાત કાયદા થઇ જાય છે!
અન્ના આક્રોશે રાતોરાત કાયદા થઇ જાય છે!
કાયદા થઇ જાય છે છૂપી છટકબારી-વાળા,
થાય નહીં અમલ એવા કાયદા થઇ જાય છે

ભરજો પેટ!
ભોજન સુરક્ષાનો -
કાયદો વાંચી..
(પોલાં વચન-બોદા કાયદા)

દોર વર્તુળ
સજાનું પ્રજા માટે -
ગુંડા બહાર!
(અમને લાગુ ન પડે!)

ચિંતન

વિદ્યાનામ નરસ્ય રૂપમધિકં પ્રછન્ન ગુપ્તં ધનં વિદ્યા ભોગ કરી યશઃ સુખ કરી વિદ્યા ગુરૂણાં ગુરૂઃ ।
વિદ્યા બંધુજનો વિદેશગમને વિદ્યાં પરં દૈવતં વિદ્યા રાજસુ પૂજિતા ન ધનં વિદ્યાવિહિનઃ પશુઃ ॥

ભતૃહરિ નીતિશતકનો આ શ્લોક વિદ્યાનું મહાત્મ્ય સમજાવતાં કહે છે કે :-

વિદ્યા ખરેખર મનુષ્યનું શ્રેષ્ઠ આભૂષણ શ્રેષ્ઠ સ્વરૂપ છે, વિદ્યા એ માનવીના અંતરાત્મામાં રહેલું ગુપ્ત અને સુરક્ષિત ધન છે, વિદ્યા દ્વારા સુખ-સુવિદ્યા અને ભોગ તો પ્રાપ્ત થાય જ છે તેમજ વિદેશમાં જયાં કોઇનો પણ પરિચય-સાથ-સહકાર ન હોય ત્યાં વિદ્યા બંધુની માફક સહાયભૂત થાય છે વિદ્યામાં દૈવત્વ છે દરેક મુશ્કેલીમાં મદદરૂપ અને આશીર્વાદ સમાન છે, વિદ્યાવાન વિદ્વાન જ રાજસભામાં - દરબારમાં સન્માનને પાત્ર બને માત્ર ધનવાન જ હોય એને રાજસભામાં એટલો આદર મળતો નથી. વિદ્યા દ્વારા જ્ઞાન-સમજ મળે છે જે માત્ર 'માનવ' ને જ સદ્‌ભાગ્યે પ્રાપ્ત થાય છે. વિદ્યા વિનાનો માણસ પશુ સમાન છે.'

જગતની બધી જ બાબતોમાં વિદ્યાનું મહત્ત્વ વિશેષ રીતે આંકવામાં આવ્યું છે :

વિદ્વત્વં ચ નૃપત્વં ચ નૈવ તુલ્યે કદાચન । સ્વદેશે પૂજ્યતે રાજા વિદ્વાન્-સર્વત્ર પૂજ્યતે ॥

રાજા અને વિદ્વાનની તુલના શક્ય નથી - રાજા તો માત્ર તેના વિસ્તારમાં જ સન્માન પામે છે પરંતુ વિદ્વાનતો સર્વત્ર પૂજનીય છે.

સુવિચાર

- પરસેવો પાડયા વગર બુદ્ધિ ના મળે... અને જો પરિશ્રમ બુદ્ધિપૂર્વકનો ના હોય તેને મજૂરી કહેવાય - એસ. ભટ્ટાચાર્ય
- જીવનમાં બને એટલી ચાલાકી ઓછી કરો, ઉપરવાળાની મહેરબાની વધારે મળશે જ - કનૈયાલાલ મુન્શી
- ચારિત્ર્ય એટલે સારી ઇચ્છાઓનો વિકાસ પામેલો સમૂહ - શ્રી શ્રી રવિશંકર
- ભરેલા ખિસ્સા તમને હજાર ગેરમાર્ગો પર લઇ જશે, પણ ખાલી ખિસ્સા તમને જીંદગીના હજાર પાઠ પણ ભણાવશે - ગુલાબદાસ બ્રોકર
- માણસે પહેરેલા કવચની નીચે એક એવી વ્યક્તિ હોય જ છે જે પ્રેમ અને લાગણી ઝંખે છે - જરાની કહેવત
- જયારે આપણે કોઇ શુભ કામ કરવાનો સંકલ્પ મનમાં કરીએ ત્યારથી આપણો શુભ સમય શરૂ થઇ જાય છે - જાપાની કહેવત
- મૃત્યુ વિરોધાભાસ ધરાવતી વાસ્તવિકતા છે, મૃત્યુને કોઇની શરમ નડતી નથી, મૃત્યુ કરતાં પણ ભયાનક છે તેની પ્રતિક્ષા - ભાણદેવ

બોધ કથા

ચારણ-ગઢવી-કોમની જીભે સરસ્વતીનો નિવાસ છે એવું કહેવાય છે પણ વિશેષમાં એમની નિખાલસ-સત્ય કહેવાની હિંમત પણ દાદ માગી લે તેવી હોય છે. મોટા મોટા રાજવીઓને પણ વ્હાલપ માં 'તું' નું સંબોધન કરી નિર્ભય રીતે સલાહ કે ભૂલ પણ બતાવી શકે છે.

૧૯૮૪ માં ભાવનગરના રાજવીએ એક કાયદો કર્યો જેમાં ગઢવી-ચારણોને આપેલી જમીન જે ખેડાતી ન હોય અને પેદાશ આપતી ન હોય તો પાછી રાજય હસ્તક લઇ લેવી. ત્યારે પ્રભાશંકર પટણી રાજયના દિવાન હતા.

ચારણ-ગઢવીઓ એ અહિંસક લડત ઉપાડી. તે વખતે દુલા ભાગ કાગની વય તો હતી માત્ર પંદર વર્ષ પણ વડીલો સાથે એ પણ પ્રતિનિધિ મંડળમાં પ્રભાશંકર ભટ્ટણીને મળવા ગયા હતા.

...એમાં દુલા કાગથી મોટેથી કંઇક બોલી જવાયું પ્રભાશંકરભાઇએ જરા ઊંચા અવાજે કહ્યું, એમાં તું આટલો ડાહ્યો કેમ થાય છે?

અને કાગ બાપુ એ એજ તિખાશમાં જવાબ દીધો, ડાહ્યા તો અમે તમારાથી પણ વધારે છીએ જ પણ અમારી પાસે પ્રભાશંકર પટ્ટણીનું ભાગય નથી.'

... અને પ્રભાશંકર આ તરૂણના જવાબથી પ્રભાવિત થઇ ગયા. કાળો કાયદો રદ્દ થયો.

Email - sureshchandrabhatt18@gmail.com

'સ્વત્વભાવ' જીવનની ચેતના છે

ચિંતનની વિસ્તરતી ક્ષિતિજે

- હર્ષદ પ્ર. શાહ

મનુષ્ય જીવન ઇશ્વરની અનુપમ દેન છે. એને આદર્શ જીવનની જેમ જીવવું જોઇએ. જીવનને ઊંચાઇ બક્ષવી એ મનુષ્યનાં હાથમાં છે. કેવી અને કેટલી ખુમારીથી મનુષ્ય જીવન જીવે છે, પરંપરાગત જીવનમુલ્યોનું કેટલું જતન કરે છે એના આધારે એનું જીવન વિવિધ ઊંચાઇએ આંબે છે.

જીવન મૌલિક રીતે જીવી જવાનું નામ છે, કોઇની નકલ કરીને નહીં. અન્યોનું અનુકરણ કરીને જીવવામાં જીવનને કુદરતી કે સહજ વિકાસની દિશા મળતી નથી... નવી ક્ષિતિજો ઊઘડતી નથી. જીવન જીવવાની દરેકની રીત જુદી છે. જેટલા મનુષ્યો એટલી જીવનશૈલી. દરેક જીવનની કોઇ ને કોઇ વિશેષતા હોય છે; કોઇ ને કોઇ નવીન શક્તિનો આવિષ્કાર એમાં દેખાય છે. વ્યક્તિ, પરિસ્થિતિ અને ભાવજગત ભિન્નભિન્ન હોય છે. જીવનને વિશિષ્ટ આકાર આપવાનું કામ જે તે મનુષ્યનું જ હોય છે. મનુષ્ય પોતે ધર્મ - સંસ્કૃતિને જે રીતે સમજે છે, એવી કૃતિ એ કરે છે. અર્થાત્ મનુષ્યની કૃતિમાં જ સંસ્કૃતિનું દર્શન થાય છે. એક જ ભૂમિ પરના અગણિત મનુષ્યોની સમ્યક્ કૃતિનો વ્યવહારનો સરવાળો એટલે સંસ્કૃતિ. મનુષ્ય જે ભૂમિમાં જીવે છે એ ભૂમિમાં પલ્લવિત થયેલી સંસ્કૃતિના પ્રવાહને અનુરૂપ છતાં મૌલિક શૈલીથી જીવવું એનું નામ જ સ્વત્વભાવયુક્ત જીવન.

આજકાલ આપણા દિગ્ભ્રમિત સમાજે જીવનને કેટલું છિન્નભિન્ન કરી નાખ્યું છે! સ્વત્વભાવ જાણે નામશેષ થઇ ગયો છે. જ્ઞાન અને વિજ્ઞાનના અખૂટ ભંડાર જેવા પ્રિય ભારતવર્ષની માટી પર અંકિત ગૌરવગાથાઓ છોડીને પશ્ચિમની ભૌતિકવાદી ગાથાઓનું રટણ કરવામાં આજના યુવાનને ગર્વ અનુભવાય છે. દેશમાં બનેલી ચીજ હીન, વિદેશમાં બનેલી ચીજ શ્રેષ્ઠ... એ વાપરવાનો ગૌરવનો અનુભવ કરવો એ સ્વત્વભાવ હણાયાની પ્રતીતિ સમાન છે. Imported કહીને વિદેશથી આવેલી ચીજ બીજાને બતાવવામાં અનેરો આનંદ અનુભવતા સ્વાભિમાનશૂન્ય વ્યક્તિઓ સ્વત્વભાવનું ઉઘાડે છોગ ચીરહરણ કરે છે. Indian Time કહીને ઉપહાસ કરનારા દેશવાસીઓ જાણ્યે અજાણ્યે પોતાની જ નિર્બળતા છતી કરી રહ્યાં છે. દેશ આપણો, ઘરા આપણી, સમાજ આપણો, વ્યવસ્થા આપણી, સરકાર આપતી...આ બધું જો આપણું તો ખામી પણ આપણી જ! એને દૂર કરવાનું કામ પણ આપણું જ. એનો ઉપહાસ ન હોય. આ દેશમાં ધૂળ બહુ છે, રસ્તો સારા નથી માટે એને છોડીને પરદેશ ન જવાય. એમાં આપણી બુદ્ધિ, શક્તિ અને પરિશ્રમને કામે લગાડી પરિવર્તન લવાય. આ દેશના લોકો અભણ છે. Civil Sense નથી માટે કંટાળીને બીજા દેશના નાગરિક ન બની જવાય. અહીં જ રહીને, એમની વચ્ચે રહીને એમાં પરિવર્તન લવાય. આ દેશનું જે સારૂં છે તેનો ઉપભોગ વિવેકબુદ્ધિથી આપણે કરવાનો છે અને જે ખરાબ છે તેને પરિશ્રમથી બદલવાનું છે. સ્વત્વભાવ જાગશે તો જ આ થઇ શકશે. માટે એ જગાડવો અનિવાર્ય છે. એ જ સાચી કુંડલીની શક્તિ છે - આપણી અને રાષ્ટ્રની.

> મનુષ્ય જે ભૂમિમાં જીવે છે એ ભૂમિમાં પલ્લવિત થયેલી સંસ્કૃતિના પ્રવાહને અનુરૂપ છતાં મૌલિક શૈલીથી જીવવું એનું નામ જ સ્વત્વભાવયુક્ત જીવન

સ્વત્વભાવની ધારણા સ્પષ્ટ થવી જરૂરી છે. માતૃભૂમિ માટે અનન્ય પ્રેમ; આ ભૂમિમાં જન્મેલા દરેક માટે અપ્રતિમ સ્નેહભાવ; આ ભૂમિમાં આકાર પામેલાં જીવનમૂલ્યોનું પ્રાણનીજેમ જતન; અહીં જ જ્ઞાન અને વિજ્ઞાન, શિલ્પ-સ્થાપત્ય-કલા અને ગણિત વિકાસ પામ્યા છે તે માટેનું ભારોભાર ગૌરવ; અહીંની ભાષા, ભૂષા અને ભાવ પ્રત્યે સતત આદર... આ છે સ્વત્વભાવની સાચી અભિવ્યક્તિ!

ઇંગ્લેન્ડમાં એકવાર મહાત્મા ગાંધીજી રાણી વિક્ટોરિયાને મળવા ગયા... ટૂંકી પોતડીમાં, કાયમની જેમ પોતાના અત્યંત સાદા વેશમાં... રાણીના સેક્રેટરીએ એમને રોક્યા, કહ્યું... આવા વેશમાં તમે રાણીને મળી નહીં શકો. ગાંધીજીએ કહ્યું, "આ મારા દેશનો રાષ્ટ્રીય પોશાક છે... રાણીને કહો, મળવું હોય તો હું આ વેશમાં જ મળીશ..." અને વેશભૂષાની ચર્ચાને બાજુએ મુકી મુલાકાત ગોઠવાઇ.

સ્વાભિમાન, સ્વદેશાભિમાન અને સ્વત્વભાવના પ્રગટીકરણમાં વળી સંકોચ કેવો?

એક બાળક ખ્રિસ્તી નિશાળ છોડીને ભારતીય વિદ્યાલયમાં દાખલ થયો. પોતાના પ્રધાનાચાર્ય શ્રી વેણી માધવદાસજીએ તેને ધોતી-કુર્તામાં, અત્યંત સાદા વેશમાં જોયા. એના મનમાં વિચાર આવ્યો કે જો વિદ્યાલયના પ્રધાનાચાર્ય ધોતી - કુર્તા પહેરીને વિદ્યાલયમાં આવી શકે તો વિદ્યાર્થી એવું કેમ ન કરી શકે? બાળક લેર આવ્યો. ઘરમાં સ્વામી વિવેકાનંદના ચિત્ર પર નજર પડી. ફરી વિચાર આવ્યો, આવાં વસ્ત્રોમાં જો સ્વામી વિવેકાનંદ વિશ્વભરમાં વિખ્યાત થઇ શકતા હોય તો કોટ-પેન્ટ-ટાઇ શા માટે...? આમ બાળકના મનમાં સ્વદેશી વેશભૂષાની ભાવના દૃઢ થતી ગઇ. બીજે દિવસે એ બાળક - સુભાષના શરીર પર ધોતી-કુર્તાનું પરિધાન હતું. એને આવા વેશમાં જોઇ પિતાએ ક્રોધિત થઇને કહ્યું, "આ શું પહેર્યું છે?" બાળકે દૃઢતાથી કહ્યું, "આ તો આપણો રાષ્ટ્રીય વેશ છે દાદા! શું આ સારો નથી લાગતો? આપણે તો ભારતીય છીએ અને ભારતીય પોશાક પહેરવો જોઇએ. આપણે અંગ્રેજી સાહેબ શા માટે બનવું?"

નાનપણથી જ સુભાષચંદ્ર બોઝનો સ્વત્વભાવ આવો જવલંત હતો.

એક નાનું સિંહબાળ ઘેટાંઓનાં ટોળામાં ભૂલથી ભળી ગયું. એ પોતાની જાતને ભૂલ્યું અને ઘેટાં જેવું જ વર્તન કરવા લાગ્યું.

અચાનક એક દિવસ એક સરોવરના કિનારે પાણી પીતાં પીતાં એણે પાણીમાં પોતાનું પ્રતિબિંબ જોયું. એના મનમાં સળવળાટ થયો. ઘેટા કરતાં પોતે કંઇક જુદું છે. એ સમજાવા માંડયું.... અને એની અંદર પડેલું સિંહત્વ જાગ્રત થઇ ગયું. એક જોરદાર ગર્જના કરી... લેરાં ભાગ્યાં અને સિંહબાળનો સ્વત્વભાવ જાગ્રત થયો.

આપણે એક અતિ પ્રાચીનત્તમ રાષ્ટ્રના લોકો, શ્રીરામ અને શ્રીકૃષ્ણ જેવા અવતારી પુરૂષોના વારસદારો, જેની સરિતાઓના કાંઠે વેદોનું જ્ઞાન વિકસ્યું એવી ભૂમિના પુત્રો... આપણે આપણા સ્વત્વને ઢંઢોળીએ. આપણે આપણા પ્રાચીન ગૌરવને પિછાણીએ. ગુરૂ ગોવિંદસિંહ, છત્રસાલ, મહારાણા પ્રતાપ અને શિવાજીએ રચેલા ભવ્ય ઇતિહાસને તાજો કરીએ. આપણામાં પડેલાં સિંહબાળ - ભરતપુત્રને જગાડીએ...

વિદેશની વાતો કે ગુણગાન કરવામાં ગૌરવ નથી, સ્વદેશની સેવા કરવામાં છે... 'સ્વદેશસેવા જીવન તૃણવત્, દેહ સમર્પણ માતૃભૂમિ હિત' એ ગીતપંક્તિના ભાવને સાકાર કરવાની આવશ્યકતા છે. સ્વત્વભાવનું અનુસંધાન છેવટે સ્વદેશાભિમાન સાથે છે. સ્વત્વભાવને અહંકાર સાથે કોઇ સંબંધ નથી. એની ભેદરેખા પાતળી છે પણ બરાબર પારખી લેવા જેવી છે. સ્વત્વભાવ એ જ વ્યક્તિગત જીવન અને રાષ્ટ્રજીવનનું ચૈતન્ય છે. 'સ્વ'નું જ્ઞાન જીવન છે અને 'સ્વ' નું વિસ્મરણ મરણ છે... આપણે તો સાચા અર્થમાં જીવન જીવવું છે.

● ● ●

કોણ રે ડુબાડે વળી કોણ રે ઉગારે,
કોણ લઇ જાય સામે પાર?
એનો કરવૈયો કો આપણી બહાર નહીં,
આપણે જ આપણા છઇએ.

- પ્રહ્લાદ પારેખ

બ્યુરો ઓફ પોલીસ રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ ડેટા પ્રમાણે વર્ષ ૨૦૧૧માં સમગ્ર ભારતમાં માત્ર ૪૪૨ જેટલી સ્ત્રી પોલીસ સ્ટેશન ઉપલબ્ધ હતા

હું રસ્તે રઝળતી વારતા

- અચના પટેલ

વર્ષ ૧૯૯૪માં રિલીઝ થયેલી ફિલ્મ "તેજસ્વિની" માં આપણે એક દમદાર સ્ત્રી પોલીસ ઓફિસર તરીકે વિજયા શાંતિની ભૂમિકાને ખુબ વધાવી હતી. આજે આ ફિલ્મને લગાભગ વીસ જેટલા વર્ષ થયા, પરંતુ દુઃકની વાત એ છે કે આપણા દેશમાં હજી પણ સ્ત્રી પોલીસ ઓફિસરોની સંખ્યા ઘણી જૂજ છે. સ્ત્રીના અનેક રૂપો આપણે આખી જીંદગી અનુભવી છીએ અને માણતા રહીએ છીએ, પરંતુ એ સાથે જ એની મમતા અને લાગણીશીલ સ્વભાવને કારણે, આપણે એની સાહસિકતા અને હિંમતને પ્રાચીનકાળથી અવગણતા આવ્યા છીએ! આજે જયારે બળાત્કારોની સંખ્યા પ્રતિદિન વધતી જાય છે ત્યારે સ્ત્રી પર થયેલા શારીરિક બળાત્કાર કરતા, કેસની કાર્યવાહી દરમિયાન તથા માનસિક બળાત્કાર વધુ પીડાદાયક હોય છે. આપણા દેશમાં સ્ત્રી પોલીસ ઓફિસરો કે જજની સંખ્યા ઘણી ઓછી હોવાથી દેશમાં આટઆટલા બળાત્કાર થવા છતાં ન્યાય પ્રણાલીની સમગ્ર કાર્યવાહીમાં કેટલાય એવા કિસ્સાઓ અને ઘટનાઓ ઘટે છે, જેનાથી હવે પીડિતો ફરિયાદ નોંધાવતા અચકાય છે.

આંધ્રપ્રદેશની ઇન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ અંજના સિન્હા, સ્ત્રીઓની ભૂતકાળમાં પોલીસમાં ભરતી અને આજના સમયની સ્થિતિ વિશે ઘણાં રિસર્ચ પછી કેટલીક માહિતી પ્રકાશમાં લાવ્યા છે. "કાઇમ અગેન્સ્ટ વુમન"ના જોરશોરથી ચાલતા આંદોલનમાં આપણે પોલીસ ઓફિસરોમાં ઘટતી સ્ત્રીઓ સંખ્યાને કઇ રીતે અવગણી શકીએ? જો ભૂતકાળના થોડા ચોપડા ફંફોસીએ તો વર્ષ ૧૯૭૦માં ખાખી વર્દી પહેરેલી પહેલી મહિલા નજરે ચઢશે. કિરણ બેદી જેવા પ્રભાવશાળી આઇપીએસ ઓફિસરે સ્ત્રીને એક નવી વ્યાખ્યા અને ઓળખાણ આપી. આ મહિલાની અત્યંત પ્રભાવશાળી કારકિર્દી જોઇ ૧૯૭૦ના દાયકામાં ઘણી સ્ત્રીઓએ પોલીસમાં ભરતી થવા માટે અરજી કરી હતી, પરંતુ જેમ જેમ ઉદ્યોગીકરણ થતું ગયું તેમ તેમ સમાજમાં સ્ત્રી એક એક તબક્કે પીસાતી ગઇ. છેલ્લાં કેટલાંક વર્ષોમાં પોલીસ સેવામાં સ્ત્રીઓ અને પુરૂષોને અલગ જ દરજ્જો આપવામાં આવ્યો છે. બંનેને એક સમાન ગણવા કરતા "સ્ત્રીઓની વિરૂદ્ધ પુરૂષો" એવું વલણ દાખવવામાં આવે છે. સ્ત્રીઓ હંમેશા આ વ્યવસાયમાં ઊંચા દરજ્જાને લાયક હોવા છતાં એ પદથી વંચિત જ રહી છે. આથી જ કેટલાક મહત્ત્વના અને પડકારરૂપ કાર્યોમાં તેને ઊંચા હોદ્દાથી દૂર રાખવામાં આવે છે.

વર્ષ ૨૦૦૫ થી ૨૦૧૦ સુધીમાં આંધ્રપ્રદેશમાં મહિલા પોલીસની જગ્યા ખાલી રહી હતી, કારણ કે ભરતી માટે પૂરતા પ્રમાણમાં સ્ત્રીઓને ઉત્સાહ બતાવ્યો ન હતો, તો વળી, વસ્તી પ્રમાણે ભરતી માટેની સંખ્યા યોગ્ય ન હોવાથી, રાજસ્થાન, હરિયાણા અને આસામ જેવા રાજયોમાં મહિલા પોલીસ માટે ભરતી થઇ શકી ન હતી. આ ઉપરાંત પોલીસમાં દાખલ ન થવા માટેનાં સ્ત્રીઓનાં બીજા કેટલાક કારણો પણ જવાબદાર ગણાવી શકાય. સ્ત્રીઓ પર પુરૂષો જેટલી જ સશક્ત હોવા છતાં ભરતીની ભેદભાવભરી પ્રક્રિયા, સામાજિક મૂલ્યો, પસંદગી માટેની પ્રક્રિયા અને ભરતીની પોલિસી જેવા અનેક પરિબળો સ્ત્રીઓની સંખ્યા પોલીસોમાં હંમેશા નીચી રાખે છે. વળી, કેટલીક શારીરિક કસોટીઓ સ્ત્રી રમતવીરો માટે જ રાખી હોવા છતાં તેમાંથી દરેક સ્ત્રી ઉમેદવારોને પાસ થવું પડતું હોવાથી સ્ત્રીઓની પસંદગી જૂજ બને છે.

વર્ષ ૨૦૦૭ના કોમનવેલ્થ હ્યુમન રાઇટ્સ ઇનિશિયેટીવના અંતર્ગત થયેલા એક સર્વેમાં ઘણી ચોંકાવનારી બાબત બહાર આવી હતી. સ્ત્રીઓ હવે પોલીસમાં પોતાની કારકિર્દી ઘડવા તૈયાર હોતી નથી. કારણ કે તેમને પોલીસની નોકરી વિશેની સાચી માહિતી જ હોતી નથી. વળી, કેટલીક સ્ત્રીઓને પરિવારમાંથી રોકવામાં આવે છે, તો કેટલીક સ્ત્રીઓ મીડિયાએ ઉપજાવેલી પોલીસના ચિત્રોથી સહેમીને પોલીસમાં નોકરી લેવાનું ટાળે છે અને જો કેટલીક જૂજ સ્ત્રીઓ પોલીસની વર્દીમાં દેખાવા પણ લાગે તો એમની આપવીતી ઇંવાટા ખડા કરી દે એ પ્રકારની હોય છે. રક્ષક એવા પુરૂષ કર્મચારીઓ તરફથી જ ભેદભાવ, જાતીય સતામણી અથવા ધાકધમકીઓમાં ભોગ સ્ત્રીઓએ બનવું પડતું હોય છે. વળી, સ્ત્રીઓને ઊંચા દરજ્જા પર પહોંચવા જ ન દેવાતા, પોલીસમાં ભરતી થયેલી સ્ત્રીઓ કોઇ આદર્શ મહિલા ઓફિસર કે પછી મહિલા મેન્ટરની મદદ લઇનેય પ્રગતિ સાધી શકતી નથી અને આ જ કારણોસર પોલીસદળ છોડીને જનાર સ્ત્રીઓની સંખ્યામાં હવે ઘણો વધારો થયો છે. ઘરની જવાબદારીઓ અને પારીવારિક સંબંધોને મહત્ત્વ આપનાર સ્ત્રીઓ સ્પર્ધાત્મક પરીક્ષાઓને અવગણે છે. આથી સમાજની વિચારસરણીને એકવાર તોડવાની હિંમત દાખવનાર સ્ત્રીઓને પણ પોલીસમાં જોડાયા પછી નિરાશાજનક વાતાવરણ, ઉચ્ચ અધિકારીઓ તરફથી થતી સતામણી અને જાતિવિષયક ફરિયાદોનો સામનો કરવો પડે છે.

બ્યુરો ઓફ પોલીસ રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ ડેટા પ્રમાણે વર્ષ ૨૦૧૧માં સમગ્ર ભારતમાં માત્ર ૪૪૨ જેટલી સ્ત્રી પોલીસ સ્ટેશન ઉપલબ્ધ હતા. તમને જાણીને નવાઇ લાગશે કે હજી ૧૩ રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશો તો એવા છે કે જયાં હજી પણ એક પણ મહિલા પોલીસ સ્ટેશન બંધાયું નથી. વળી, આપણી રાજધાની દિલ્હી કે જયાં રોજ બળાત્કાર કે પછી જાતીય સતામણીના એક કરતાં વધુ કેસો નોંધાયા હોય છે, ત્યાં પણ એકેય મહિલા પોલીસ સ્ટેશન ઉપલબ્ધ નથી!

તાજેતરમાં અરૂણાચલ પ્રદેશમાં પ્રથમ મહિલા પોલીસ સ્ટેશનની સ્થાપના થઇ છે. આ પ્રકારની પહેલથી દેશનાં તમામ લોકોને અને ખાસ કરીને અરૂણાચલ પ્રદેશના લોકોને સ્ત્રીઓની વધુ સારી સલામતી અને રક્ષણ માટેનો સંદેશો પહોંચે એ જરૂરી છે. દિલ્હીમાં થયેલો બહુ ચર્ચિત દામિની બળાત્કાર પ્રકરણ બાદ અહીં સ્થાનિક પોલીસે મહિલા પોલીસ સ્ટેશનની સ્થાપના માટે અરજી કરી હતી અને જે મંજૂર થતા રાજયને માત્ર મહિલા કર્મચારીવાળું પહેલું પોલીસ સ્ટેશન મળ્યું!

જીવન અને અસ્તિત્વના અર્થની શોધમાં માનવ ચેતનાનું ધ્યેય શોધવા મથતી કવિતાઓ

શબ્દ સમીપે

- નટવર હેડાઉ

કવિતાના મંત્રનો એક છેડો સંવેદના સુધીનો, બીજો તેના શબ્દ વિનિયોગનો અને તેનાથી બંધાતી સુંદર આકૃતિ, કવિતા રચનાની આ મથામણ કંઇ આજકાલની નથી. જે પ્રભાતે વેદ ઋત્વિકોએ એમ કહ્યું કે 'જુઓ, આ સૂર્યોદય જ સાક્ષાત કવિતા છે. ત્યારે પણ એક વિલક્ષણ તત્વ હતું કાવ્યનું, જેમાં ઉદય અને અસ્તની વચ્ચેનાં તમામ સૂક્ષ્માતિ સૂક્ષ્મ સંપદનોમાં આકારિત કરવાની કાવ્યયાત્રા અસ્તિત્વમાં આવી છે.'

આવા એક કવિની કાવ્ય રચનાઓ 'અર્થની શોધમાં...' શિર્ષકની આપણને પુસ્તકરૂપે મળે છે તેમાં કાવ્યની તત્ત્વ મીમાંસા નહીં પણ કવિના દિલ અને દિમાગે જે દિશા પકડી છે તેના પડછાયાનો અંદાજ પામીને આપણે વરિષ્ઠ પત્રકાર લેખક એવા વિષ્ણુ પંડ્યા લખે છે કે - 'વીસમી - એકવીસમી સદીનાં કવિનું 'કાવ્ય દ્રવ્ય' તો આપણી સાવ નજીકની ઘટના, બે વિશ્વયુદ્ધો, અપાર હિજરતો, ચિત્કારો, હત્યાઓ, વિજ્ઞાન અને ટેનકોલોજીનાં આવિષ્કારો, ભૂખમરો, દુકાળ, ઉદ્યોગીકરણની 'આપ-લે' ની સ્થિતિ, દુષિત રાજનીતિ, ગરીબી અને રોગચાળો, 'ડિમાન્ડ અને સપ્લાય' નું અહર્નિશ ઘોંઘાટ કરતું અર્થચક્ર : આમાં પાંચ-છ ફૂટના મનુષ્યને માન - અભિમાન - સ્વાભિમાન, મિથ્યાભિમાન એવા પડાવે આવીને ઊભું કે તમામ આચાર વિચારનાં અર્થ જ બદલાઇ ગયા. 'જીવન મુલ્યો શબ્દ હદ પાર થયો અને રોજબરોજની થકવી નાંખે તેવી લાલસા, ઉપાર્જન અને સ્પર્ધામાં મનુષ્ય ફસાઇ ગયો, જાણે કે વિશાળ પટ પર તે કોઇ પિંજરામાં ફસાયેલો જ દોડી રહ્યો છે. તેને પિંજરાથી કોઇ લગાવ નથી કે અલગાવ નથી. આ પિંજરનો પડછાયો દર્શાવતી કાવ્ય રચનાઓ અને ગદ્ય પણ વીસ-એકવીસમી સદીના તમામ વિષય મન:સ્થિતિ છે. કવિ નીતીન વોરાના કાવ્યોમાં આ સંવેદનાની ક્યાંક ઘેરી, ક્યાંક આછી પાતળી લકીર પામવાનું નજરે ચડે છે. એક આધુનિક કવિ તેનાં કલ્પનો થકી અભિવ્યક્ત થવા મથે છે. તેમાં પણ બે ધારા એક બીજામાં ભળી જાય છે. વર્તમાનના અવસાદની સાથોસાથ પરંપરિત મનુષ્યના આશા બીજનો અહેસાસ થાય તેવી ઘણી રચનાઓ અહીં પ્રાપ્ત થાય છે.'



"અર્થની શોધમાં..." કાવ્ય સંગ્રહમાં ૩૦ જેટલી કાવ્ય રચનાઓ આપણને મળે છે. તે સાથે જ કાવ્યના વિષય, તત્વ અને મર્મને ઉદ્ધારિત કરે તેવા શ્વેત-શ્યામ ચિત્રો પણ કવિએ મુકી આપ્યાં છે તે આ કાવ્ય સંગ્રહની વિશેષતા ગણી શકાય. કવિના મોટા ભાગના કાવ્યો અછાંદસ છે છતાં તેમાં વાચકને એક લયનો અનુભવ થાય છે. સર્જક રમેશ ત્રિવેદી એક સ્પર્શક્ષમ કાવ્ય સંગ્રહ તરીકે આવકારતાં તેમનાં કાવ્યો વિશે લખે છે કે તેમની કાવ્યધારા મહદ્‌અંશે ગીત, ગઝલ કરતાં અછાંદસ કાવ્યરૂપે સવિશેષ ઉન્મેષ પ્રગટાવતી રહી છે. કવિનાં કાવ્યો ક્યાંક પ્રણય ચૈક્ષ્ત્યની, ક્યાંક પ્રકૃતિ પ્રત્યેની મુલાયમ સંવેદનાનું નજાકત સભર ચિત્રણ કરે છે. તો વળી ક્યાંક સમાજમાં પ્રવર્તતી ભ્રષ્ટ રીતિનીતિ પ્રત્યેનો આક્રોશ ઉપરાંત માનવ - મનમાં સૂક્ષ્મ ભાવોને બહુ પરિમાણી રૂપે ઉજાગર કરે છે.'

કાવ્ય સંગ્રહનાં કેટલાંક નોંધપાત્ર કાવ્યોની વાત કરીએ તો 'અરીસામાં' કાવ્યનો નાયક થાકીને લોથ થયેલી બોઝિલ સાંજે ઘેર આવે છે. તે મોડી રાતે શ્રમિત આંખો ઊંઘનો તકાજો કરે છે. ત્યારે એને અરીસામાં 'સ્વ' રૂપને બદલે 'ફરિયાદ પેટી' દેખાય છે તો 'ચલમન', 'શ્વાનાખ્યાન' અને 'સંબંધો' જેવાં દીર્ઘ અછાંદસ કાવ્યોમાં અશ્વત્થામાં, સમડી, શ્વાન, કરોળિયો ને જાળાનાં સંદર્ભો દ્વારા માણસના નિરર્થક દંભીને હતાશાની ગર્તામાં ધકેલાયલા જીવનનો ઉત્કટ ભાવોદ્‌વેગ અનુભવાય છે.

એક બાજુ ચંત્રવત જિવાતા નગર જીવનની સમસ્યાઓ સંઘર્ષોની ભરમાળ, નક્કર વાસ્તવિકતા ને છતાંય રાત પડે કે પલંગ રૂપી રણમાં આવીને મોં છુપાવી દેવાનું! જીવનની આ તે કેવી કઠોર - નઠોર વિડંબના, જૂઓ આ પંક્તિઓ -

હું
મોં છૂપાવી દઉં છું
૬'X૬" ના પલંગ તણા રણ મહીં
આવતી કાલની દવાની પીળચટ્ટી
ટીકડી જેવા સૂરજની પ્રતિક્ષામાં!

'વસંત આગમને અને...' માં કવિને વસંતના અણગમાનો હર્ષ છે. રૂઆબી, છટાદાર વસંત પુષ્પ ધન્વાને લઇને પ્રવેશે છે તો 'કલિયુગ વંદના' માં કવિએ ભગવાન પર સીધો જ આરોપ મુક્યો છે. 'કોફીન' કાવ્ય જગજુની વાત આપણને ફરી યાદ દેવડાવે છે. તો 'સૂઇ જઇએ કબરમાં' અંતિમ સુખ ક્યાં છે તેનો ફિલોસોફિકલ ઇશારો એમાં કરે છે, સંગ્રહમાં અનેક કાવ્યો ભાવકને વિચારતા કરી મુકે તેવાં છે. કાવ્ય સંગ્રહનું શિર્ષક 'અર્થની શોધમાં...' આલ્બર્ટ કામુની પંક્તિમાંથી કવિને મળ્યું છે.

'અર્થની શોધમાં...' કાવ્ય સંગ્રહના કવિ ડો. નીતીન વોરા તબીબી ક્ષેત્ર સાથે સંકળાયેલાં છે. તેઓ હાલમાં કામદાર રાજય વીમા યોજનની નિયામક તરીકે જવાબદારી સંભારી રહ્યા છે. સ્કીન ત્વા એસ.ટી.ડી. વિષયમાં તેઓ પીએચ.ડી. ના માર્ગદર્શક પણ છે. તબીબી વિદ્યાશાખાનો સૌથી પ્રતિષ્ઠિત અને ઉચ્ચ એવો ડો. બી.સી. રોય. એવોર્ડ તેમને એનાયત થયેલો છે. વીસેક વર્ષ પૂર્વે 'ખામોશી' નામે તેમનો વાર્તાસંગ્રહ પ્રગટ થયેલો છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)